# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૮ તા.૨૯-૭-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :-** **ભારે વરસાદને લીધે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને લઈ શાળાની આરોગ્યલક્ષી બાબતોની કાળજી લેવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે જણાવવાનું કે, ભારે વરસાદને કારણે વિદ્યાર્થીઓની આરોગ્ય વિષય તેમજ સલામતી માટે નીચેની બાબતોની ચકાસણી કરી સ્વચ્છતા અંગેની બાબતો સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. તા.૩૧-૦૭-૧૭, સોમવારના રોજ શૈક્ષણિક કાર્ય શરૂ કરતાં પહેલાં શાળાના તમામ વર્ગખંડો, રમતનું મેદાન વિગેરે સંદર્ભે નીચેની સાવચેતી અને કાર્યવાહી કરવાની રહેશે.

- ➢ શાળાના સંપૂર્ણ બિલ્ડીંગનું ઈલેકટ્રીક ફિટીંગ ચેક કરવું તેમજ વર્ગખંડોમાં ભેજના કારણે ઈલેકટ્રીક કરન્ટ વહન ન થતો હોય તેની ચકાસણી કરવી.
- ➢ તમામ વર્ગખંડો, મેદાન, લાયબ્રેરી-પ્રાર્થનાખંડની સ્વચ્છતા સફાઈ કરવાની રહેશે.
- ➢ શાળાના વર્ગખંડોમાં ભેજના કારણે ઉત્પન થતી દુર્ગંધને દૂર કરવા સફાઈ કરી એરફ્રેશનરનો ઉપયોગ કરવો.
- ➢ શાળાના મેદાનમાં તથા નજીકના રસ્તા પર જે તે વોર્ડના અધિકારીશ્રી અને વોર્ડ ઓફિસરનો સંપર્ક કરી દવાનો છંટકાવ થાય તથા ફોગિંગ મશીન જો ઉપલબ્ધ થઈ શકે તેમ હોય તો તેના માટે વોર્ડ ઓફિસનો સંપર્ક કરવો.
- ➢ શાળાની પાણીની ટાંકીની દર મહિને સફાઈ થાય તે જરૂરી છે તેમજ જરૂરી માત્રામાં ક્લોરીનની ટીકડીઓનો ઉપયોગ કરવો.
- ➢ આજુબાજુના વૃક્ષો જો ભયજનક હોય તો તેને દૂર કરવા અંગે અ.મ્યુ.કો.ના બગીચાખાતાને જાણ કરવાની રહેશે સાથે સાથે જરૂર જણાય તો વૃક્ષોને ટ્રીમીંગ કરાવવા પણ બગીચા ખાતાને જાણ કરવી.
- ➢ સેનિટેશન બ્લોકની સફાઈ કામદાર પાસે વ્યવસ્થિત સફાઈ કરાવવામાં આવે.
- ➢ બાળકોને શરદી,ખાંસી, તાવ વગેરે જણાય તો નજીકના હેલ્થ સેન્ટરની મદદ લઈ શકાય.
- ➢ શાળા બહારનાં ગેટની આજુબાજુ લારી-ગલ્લાવાળા પાસેથી ખાદ્યપદાર્થો હટાવવામાં આવે તેમજ બિનજરૂરી બાળકો શાળા બહાર ન નીકળે તેની તકેદારી રાખવી.
- ➢ બાદનો સામાન બિનજરૂરી ડેડસ્ટોકનો યોગ્ય નિકાલ કે સફાઈ કરવામાં આવે.
- ➢ ટાયર કે વાસણોમાં વાસી પાણી ન ભરાઈ રહે તે જોવું.
- ➢ શાળામાં બાળકોની હાજરી સમય સમયે સુનિશ્ચિત કરવામાં આવે. શાળામાં પ્રાર્થના કાર્યક્રમ પછી તરત જ વિદ્યાર્થીઓની હાજરી પુરાય.
- ➢ શાળામાં મધ્યાહન ભોજન પછી તરત જ વધેલો (ખોરાક) એંઠવાડ શાળામાં ન નાંખતા યોગ્ય નિકાલ કરવો.

હવે પછી જયારે જયારે આવા વરસાદી માહોલ હોય કે ચોમાસાની ઋતુ હોય ત્યારે શિક્ષણ સાથે બાળકોના આરોગ્ય અને સલામતીની ચિંતા માટે દરેક બાળકોની મુખ્ય શિક્ષક સાથે દરેકે - દરેક શિક્ષકે સ્વયં તકેદારી રાખવી.

ઉપરોકત તમામ બાબતોની ખરાઈ તા.૩૧-૭-૧૭ને સોમવારના રોજ શાળા રાબેતા મુજબ ચાલુ થાય તે પહેલાં કરવા જણાવવામાં આવે છે.

તા.૨૯-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી